દિવસે દિવસે ગાંધીનગરમાં ટ્રાફિક વધતો જાય છે. મુખ્ય માર્ગો પર ઓફિસ અવર્સ દરમ્યાન ખુબ ગીચ ટ્રાફિક હોય છે. ટ્રાફિક મેનેજમેન્ટ માટે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવી રહ્યા છે. ચ-૩ થી જ-૩ જવાના માર્ગ ઉપર સેક્ટર-૮માં જવાના માર્ગની સામે હાલમાં નવા ટ્રાફિક સિગ્નલ લગાવાઈ રહ્યા છે. સોલર પેનલથી આ ટ્રાફિક સિગ્નલનું મેનેજમેન્ટ થશે.

દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસ કલસ્ટર ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં સ્થપાશે

ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સ્થપાનારા આ કલસ્ટરમાં પોર્ટ, શિપીંગ અને લોજીસ્ટિક સેવાઓ અને વિવાદ સમાધાન કેન્દ્ર ઉપલબ્ધ બનશે

ગાંધીનગર

ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ટેક (ગિફ્ટ) સિટીમાં દેશનું પહેલું ઈન્ટરનેશનલ મેરીટાઈમ સર્વિસ કલસ્ટર સ્થપાશે. આ કલસ્ટર ગુજરાત મેરાટાઈમ બોર્ડ સ્થાપી રહ્યું છે જેમાં બંદરિય સેવાઓ, શિપીંગ અને લોજીસ્ટિક સેવાઓ પ્રદાન કરાશે.

આ મેરીટાઈમ કલસ્ટર ઈકો સિસ્ટમ તરીકે વિકસિત કરવામાં આવશે જે સહભાગીઓની નિકટતા અને ઉપલબ્ધતાને સક્ષમ બનાવશે. ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ તપન રે એ કહ્યું છે કે આ કલસ્ટરની મદદથી ભારતની આર્થિક સદ્ધરતા અને ઓળખ પ્રસ્થાપિત થશે.

ગિફ્ટ સિટીએ દેશનું પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે. આ પ્રોજેક્ટ ભારતનો પ્રથમ પ્રકારનો વ્યાપારી દરિયાઈ લેવા કલસ્ટર હશે, જે દરિયાઈ ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા અને આત્મનિર્ભરતા વધારવા તેમજ અનેક સોલ્યુશન પ્રદાન કરવા માટે મહત્વનો રહેશે.

ગિફ્ટ સિટીમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક કક્ષાની બેક્રીંગ સુવિધા અને સંસ્થાઓ છે, જે કલસ્ટર માટે આર્થિક સદ્ધરતા, સહયોગ અને વ્યવસાયિક તકો માટે પ્રોત્સાહિત કરશે. આ સાથે મેરીટાઈમ એજ્યુકેશનની એક પ્રિમિયર સંસ્થા ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી પણ ગિફ્ટ સિટીમાં સ્થપાઈ રહી છે.

આ કલ્સ્ટર મેરીટાઈટ અને શિપીંગ સેક્ટરમાં એક વૈકલ્પિક વિવાદ સમાધાન કેન્દ્ર એટલે કે ઓલ્ટરનેટ ડિસ્પ્યુટ રિસોલ્યુશન માટે પણ કામ કરશે, જે દરિયાઈ ક્ષેત્રે સંકળાયેલા લોકો માટે આર્થિક લાભ અને વ્યાપારમાં આસાની સુનિશ્ચિત કરશે, જે અત્યારે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતા કેન્દ્ર પર નિર્ભર છે.

ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે લેન્ડ ગ્રેબીંગ એક્ટના અમલીકરણ માટે બનેલી જિલ્લા સમિતિની બેઠક મળશે.
- જિલ્લાના ચાર તલાટીઓની બદલીના હુકમો જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવ્યા છે.
- જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા આજે ભાટ ગામે યોજાયેલ નિદાન કેમ્પમાં ૫૫૬ દર્દીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. ૨૨૫૦ લોકોએ ઉકાળા વિતરણનો લાભ લીધો હતો.
- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઈટનું આજે લોન્ચીંગ કરાયુ હતુ.
- રાત્રે થયેલા કમોસમી વરસાદ પછી આજે આખો દિવસ ઠંડીનું જોર વધુ રહ્યું હતું.
- જિલ્લા પંચાયત પ્રમુખના કાર્યાલયમાં ચા-કોફી માટે મશીન મુકવામાં આવ્યું છે.
- ગાંધીનગર મનપાના મેયરની કચેરીમાં ભગવાનના ફોટા સાથે ભારતનું બંધારણ પણ મુકવામાં આવ્યુ છે અને મેયર હિતેષ મકવાણા તેનુ નિયમિત પૂજન કરે છે.
- ઓનલાઈન વેચાણ કરતી ૮૬ કંપનીઓની ગેરરીતિ ધ્યાને આવતા તોલમાપ તંત્ર દ્વારા રૂ. ૪૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૫૩૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- રાજ્યના કોરોનાના આંકડા અને જિલ્લાતંત્રના આંકડાઓમાં તફાવત આવતાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.

પહેલી કંકોતરી કલેક્ટરને મોકલો... કોરોના આવ્યો આંગણે..!!

ઓમીક્રોન સહિત કોરોનાના વધતા કેસો સાથે વાઈરલ થયેલો વિડીયો સોશ્યિલ મિડીયા પર ધૂમ મચાવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૮

કોરોના મહામારીએ ફરી એકવાર ઓમીક્રોન નામના નવા સ્વરૂપે ત્રીજી લહેરનો પ્રારંભ કર્યો છે જેના પગલે સમગ્ર વિશ્વમાં ફરી ચિંતાનું મોજું પ્રસરી વળ્યું છે. કોરોના વાયરસના પહેલા રાઉન્ડથી જ આ મહામારીથી બચવા સેનેટાઈઝર, માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સ ખૂબ જ અસરકારક ઉપાય હોવાનું જણાયું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉન સમયથી જ તેને 'એસએમએસ' ફોર્મ્યુલા તરીકે રજૂ કરીને અપનાવવા દેશવાસીઓને હાંકલ કરી હતી. આ ફોર્મ્યુલાને વ્યંગાત્મક રીતે રજૂ કરતો એક જુનો વિડીયો ફરી એકવાર સોશ્યિલ મિડીયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યો છે જેના શબ્દો છે 'સેનેટાઈઝર છાંટી કંકોતરી મોકલો.''

''સેનેટાઈઝર છાંટી કંકોતરી મોકલો,
થોડું રાખજો સામાજીક દુરીનું ધ્યાન,
કોરોના આવ્યો આંગણે...
પહેલી કંકોતરી કલેક્ટરને મોકલો,
એમાં લખજો સહુ સંબંધીના નામ,
કોરોના આવ્યો આંગણે...
ચાના બદલે ઉકાળા તમે આપજો,
એમાં નાંખજો બે તુલસીના પાન,
કોરોના આવ્યો આંગણે...
હાથ જોડીને આવકારો આપજો,
માસ્ક પહેરીને કરજો સન્માન,
કોરોના આવ્યો આંગણે...''

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન પ્રસંગનું ખૂબ જ મોટુ સામાજિક મહત્વ છે અને લગ્ન પ્રસંગોમાં ગવાતા ફટાણાં સદીઓથી વિશેષ આકર્ષણ ધરાવે છે. લગ્ન પ્રસંગોમાં ગવાતાં ફટાણાંમાં ખૂબ જ પ્રખ્યાત એવા ''કંકુ છાંટીને લખજો કંકોતરી''ના ઢાળનો ઉપયોગ કરીને બનાવાયેલો આ વિડીયો એક ચોટદાર મેસેજ પણ આપી રહ્યો છે. આ વિડીયોમાં વપરાયેલા ગીતના શબ્દો આ મુજબ છે...

ગાંધીનગર શહેર ખુબ જ આયોજીત શહેર છે તેમ છતાં અહીંના સેકટરોની ગુંચણવભરી ગોઠવણી બહારગામથી આવનારા પ્રવાસીઓને સમજાતી નથી અને એટલે જ અહીં ઠેર ઠેર દિશાસૂચક બોર્ડ મુકાયેલા છે. પરંતુ આ દિશાસૂચક બોર્ડની યોગ્ય જાળવણી ન થતાં ઘણા સ્થળોએ તે તુટી ગયેલા જોવા મળે છે. સેકટર-૨ ઉનો નકશો દર્શાવતું બોર્ડ સેકટર-૩માં જવાના રોડ પર પડયું છે તે અહીં કયાંથી આવ્યું તે મોટો પ્રશ્નાર્થ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે પડતર માંગણીઓ સંદર્ભે વડાપ્રધાનને આવેદનપત્ર મોકલ્યું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જુની પેન્શન યોજના ફરી શરૂ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સાથે સંલગ્ન ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેમની રજુઆતમાં જણાવાયું છે કે તેમના સંગઠન દ્વારા વર્ષ-૨૦૦૬ થી જુની પેન્શન યોજના ચાલુ કરવા વિવિધ સ્તરે આંદોલન ચલાવાઈ રહ્યું છે. આ સાથે તેમણે આવેદનપત્રમાં મુખ્ય માંગણીઓમાં જુની પેન્શન યોજના ફરી ચાલુ કરવા, સાતમા પગારપંચના લાભો દેશભરમાં સમાનરૂપે આપવા, જુદા જુદા નામથી રાજ્યોમાં ફરજ બજાવતાં કરાર આધારિત શિક્ષકોને નિયમિત કરવાની ખાતરી ઉપરાંત રાષ્ટ્રીય શિક્ષણ જાતિ-૨૦૨૦માં સામેલ શિક્ષક વિરોધી જોગવાઓ દૂર કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે શિક્ષક સંઘ દ્વારા એસપીએલ રજા બાબતે નિર્ણય લેવા, તા. ૨૭મી એપ્રિલ-૨૦૧૧ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને નિવૃત્તિ સામે કાયમીના આદેશ થવા, શિક્ષકોના ૧૦ વર્ષના બોન્ડની મુદત ઘટાડવા, એચ-ટાટ તથા પ્રાથમિક શિક્ષકોના મહેકમના સેટઅપની સંખ્યા સુધારવા, બદલીના નવા નિયમો ઝડપથી બહાર પાડી બદલી થયેલા શિક્ષકોને છુટા કરવા તેમજ કોરોનાના કારણે સીસીસી પરીક્ષા માટેની મુદતમાં વધારો કરવા પણ માંગ રજૂ કરવામાં આવી છે.

થર્ટી ફર્સ્ટ પૂર્વે દોઢ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી લેતી અડાલજ પોલીસ

ગાંધીનગર, તા. ૨૮

જેમ જેમ થર્ટી ફર્સ્ટ નજીક આવતી જાય છે તેમ તેમ દારૂની હેરફેરમાં વધારો થઈ રહ્યો હોવાનું જણાય છે. ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે એક મારૂતિ સુઝીકી એસએક્સ કાર નં. જીજે-૦૨-એસી-૪૧૭૫ માંથી ગેર કાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૩૨૨ બોટલો જેની કિંમત રૂ. ૧,૪૬,૯૦૦ તથા બીયરની ૯૬ બોટલો જેની કિંમત રૂ. ૧૧,૫૨૦ કુલ મળીને રૂ. ૧,૫૮,૪૨૦નો જથ્થો ઝડપી લીધો છે. પોલીસે આ સાથે કાર જેની કિંતમ રૂ. ૨ લાખ અને વીવો કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂ. ૩ હજાર ગણી કુલ રૂ. ૩,૬૧,૪૨૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી રીયાઝ મહમંદ એલમભાઈ નાગોરી ઉં.વ. ૪૨ રહે. અલ્લારખાની ચાલી, પટેલવાડી, મહેસાણાની અટકાયત કરી તેમના વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ અનુસાર ગુન્હો નોંધી તપાસ હાથ ધરતાં આરોપી રીયાઝ મહંમદને દારૂનો જથ્થો આપનાર આશીષ ઉર્ફે આસુ રમેશચંદ્ર અગ્રવાલ રહે. આબુરોડ, રાજસ્થાન અને જથ્થો મંગાવનાર અપ્પુ રહે. અમદાવાદ શહેરની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

૧૫ વર્ષ જૂના ચેકથી ખાતામાંથી ૫૦ હજાર ઊપાડી લેવાયા

અમદાવાદ, તા.૨૮

શહેરના લૉ ગાર્ડન વિસ્તારમાં બનેલી ઘટનામાં વેપારીના બેંક ખાતામાંથી ૫૦ હજાર રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. આ અંગે રવિવારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે. બેંકમાંથી ડેબિટ થયેલા રૂપિયા ૧૫ વર્ષ જૂના ચેકના આધારે ઉપાડવામાં આવ્યા છે. હવે આ રૂપિયા કોણ લઈ ગયું બેંકે શું ભૂલ કરી વગેરે તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ૧૫ વર્ષ જૂનો ચેક અને તેના આધારે રૂપિયા ૫૦ હજાર ઉપાડવામાં આવ્યા છે, આ કેસ રહસ્યમય બની રહ્યોછે અને રાષ્ટ્રીય બેંકની બેદરકારી પણ છતી થઈ રહી છે, જે ચેકમાં વર્ષ ૨૦૦૬માં રૂપિયા ઉપાડવા માટે મંજૂરી અપાઈ હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની ગાઈડલાઈન્સ પ્રમાણે ચેક જે તારીખે લખાયો હોય તે બાદ તેની સમય અવધી ૩ મહિના સુધી રહે છે. લૉ ગાર્ડન વિસ્તારમાં આવેલા ઠાકોરભાઈ ટાવરમાં રહેતા મયૂર વૈદ્ય જણાવે છે કે તેઓ નહેરુનગરમાં આવેલી તેમની બેંકની બ્રાન્ચમાંથી લગભગ ૪૦,૦૦૦ જેટલા રૂપિયા ઉપાડવા માગતા હતા. જ્યારે બેંકના કર્મચારીએ તેમનું અકાઉન્ટ ચેક કર્યું ત્યારે મયૂર વૈદ્યને જણાવ્યું કે તેમના અકાઉનમાં પૂરતું બેલેન્સ નથી. જ્યારે વેપારી મયૂરે પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ લઈને તપાસ કરી તો તેમાં કંઈક લોચો હોવાનું જણાવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન દ્વારા ગુજરાતી શિક્ષકો માટે યોજાયો પ્રશિક્ષણ વર્ગ

ગાંધીનગર, તા. ૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા હાલમાં જ 'ગુજરાતી ભાષા શિક્ષક પ્રશિક્ષણ વર્ગ' યોજાયો હતો. જેમાં વિદ્યાનિકેતન વિભાગ સાથે જોડાયેલી ૬૮ શાળાઓના ગુજરાતી ભાષાના ૪૫ શિક્ષકોએ પ્રશિક્ષણ મેળવ્યું હતું. ગુજરાતી ભાષાને વધારે રસપૂર્વક તેમજ નાવિન્યસભર રીતે કઈ રીતે ભણાવી શકાય તેનું પ્રશિક્ષણ આપવાના હેતુથી આ વર્ગ બોપલના સંસ્કાર ધામ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ગુજરાતી ભાષાના શિક્ષક માટે જરૂરી સજ્જતા તેમજ ભાષા અને વ્યાકરણના કૌશલ વિશે રસપ્રદ વાત કરી હતી. તેઓએ ગુજરાતી ભાષાના શિક્ષકોને જોડણી અને વ્યાકરણમાં કોઈ પણ ક્ષતિ ચલાવી નહીં લેવા પર ભાર મૂક્યો હતો. પ્રથમ સત્રમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ લેન્ગ્વેજીસના નિયામક પ્રો. ભાવેશભાઈ જેઠવાએ ગુજરાતી સાહિત્યમીમાંસા અંગે રજૂઆત કરી હતી. અન્ય સત્રમાં ગુજરાતીના એસો. પ્રો. પ્રશાંત પટેલે વાર્તાશિક્ષણનું વર્ગખંડમાં મહત્ત્વ સમજાવ્યું હતું. ભાષાના શિક્ષકો માટે કાવ્યશિક્ષણ ખૂબ મહત્ત્વનું બની રહે છે, તે વિષય પર ડૉ. સંજય પટેલે પ્રશિક્ષણ આપ્યું હતું. વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે પોતાના વક્તવ્ય ક્ષણે-ક્ષણ શિક્ષણ સંદર્ભે શિક્ષકત્વને ઉજાગર કરતી પ્રેરણાત્મક વાતો કરી હતી. સમગ્ર દિવસના અંતે શિક્ષકોએ ખૂબ જ સહજ રીતે, અસરકારક રીતે માતૃભાષા-શિક્ષણ કેમ આપી શકાય તેની સજ્જતા પ્રાપ્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના નિયામક ડૉ. રાકેશ પટેલ તેમજ વિદ્યાનિકેતન વિભાગની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયો

અમદાવાદ, તા.૨૮

સરકારી વિભાગોમાંથી ભ્રષ્ટાચારનુંપ્રમાણ ઓછું થાય તેમાટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ હજી પણ લોકો સુધારતા નથી. નીચલા સ્તર પર ભ્રષ્ટાચારનું પ્રમાણ ઓછું કરવા માટે એસીબી દ્વારા છેલ્લા બે વર્ષથી ડીકોય ટ્રેપ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેના ભાગ રૂપે આજે એસીબીએ નર્મદા જિલ્લાની નાંદોદ તાલુકા પંચાયતની કચેરી ખાતે ડીઆરડીએ શાખામાં કરાર આધારીત કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટર પ્રવીણકુમાર તલારને રૂપિયા ૧૦ની લાંચ લેતા ઝડપી લીધા છે. આરોપી બીપીએલ કાર્ડ ધરાવતા કાર્ડ ધારકોને બીપીએલ દાખલો કાઢી આપવાના અવેજ પેટે રૂપિયા ૧૦ થી ૧૦૦ સુધી લાંચની રકમની માંગણી કરતો હતો. જેના આધારે એસીબીએ ડિકોય ટ્રેપનું આયોજન કર્યું હતું. એસીબી નર્મદા-રાજપીપલાને આધારભૂત માહિતી મળેલ કે નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકા પંચાયત કચેરીમાં બીપીએલ કાર્ડ ધરાવતા માણસોને બીપીએલ દાખલો વિના મુલ્યે આપવાનો હોય છે પરંતુ આ દાખલો કાઢી આપવાના અવેજ પેટે રૂપિયા ૧૦ થી ૧૦૦ સુધીની લાંચની રકમ લેવામાં આવે છે અને જો લાંચની રકમ ના આપે તો માણસોને ધક્કા ખવડાવવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં બટાકાનું વિક્રમી વાવેતર

ગાંધીનગર જિલ્લામાં ૧૨૩૩૯ હેક્ટરમાં જંગી બટાકાનું વાવેતર કરવામાં આવ્યું છે. આ લાલ બટાકા જે સીધા જ વેફર કંપનીઓમાં જાય છે. દહેગામમાં ૫૦૩૯, ગાંધીનગર તાલુકામાં ૪૬૨૬ હેક્ટર જ્યારે કલોલમાં ૬૭, માણસામાં ૨૬૦૭ હેક્ટરમાં લાલ અને સફેદ બટાકાના લીલાછમ્મ ખેતરો નજરે પડી રહ્યા છે. માર્કેટમાં દરરોજ અઢળક બટાકા ખટારા ભરીને ઠાલવવામાં આવે છે. આ લાલ બટાકામાંથી વિવિધ વેફર, કાતરી, ચકરી વિગેરે ગૃહિણીઓ દ્વારા બનાવવામાં આવે છે.

ગાંધીનગરમાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગ વેપાર માટેની હંગામી મંજુરી મેળવવા જોગ

ઉત્તરાયણ- ૨૦૨૨ના તહેવારોને અનુલક્ષીને ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી મંજુરી મેળવવા માટેનું ફોર્મ તા. ૩૦/૧૨/૨૧ થી ૫/૦૧/૨૦૨૨ દરમ્યાન કામકાજના ચાલુ દિવસોએ રજીસ્ટ્રરી શાખા, કલેકટર કચેરી, ગાંધીનગરમાં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાની રહેશે. આ ફોર્મ જરૂરી વિગતો સાથે ભરીને ૦૫/૦૧/૨૨ના ૪.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રેહશે. કોઈપણ સંજોગોમાં અધુરી વિગતવાળી અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ, તેવું પણ જમીન ફાળવણી મામલતદારશ્રીએ જણાવ્યું છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વિતરણની કાર્યવાહી કરવા હંગામી પરવાની અરજી ઉપર રૂા. ૩/-ની કાર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. જરૂરી ફી સદર હેડ ૦૦૭૦, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્ર માંથી મંજુર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે બીડવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતુ હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવા આવે તે સેકટર માટે જ હંગામી મંજૂરી આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલ ભાડું રીફંડ મળશે નહિ. પ્લોટ ઉપર સ?ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટી સાધનોની વ્યવસ્થા અરજદારે જાતે કરવાની રહેશે. મંજૂરીની શરતો પ્રમાણે આગ-અકસ્માત માટેની સાવચેતી પગલા માંગણીદારે લેવાના રહેશે. આમ છતાં કોઈ દુર્ઘટના બનશે. તો તેની જવાબદારી અરજદારની રહેશે. જરૂર જણાયે મંજુરી માટેની અરજી કરનારે વિમો લેવાનો રહેશે. અરજદારે ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરવા અધિકૃત કરી શકાશે નહિં કે અન્યને વાપરવા આપી શકશે નહિ.

જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૧-૨૦૨૨

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૮, પાટનગર પોજના ભવન, સેક્ટર નં.૧૬, બી બ્લોક, બીજો માળ, ગાંધીનગર, (ટેલીફોન નં.૦૭૯ ૨૩૨ ૫૬૦૩૨) ની કચેરીએથી અંદાજીત રકમ રૂ.૨.૮૮ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેકટર નં.૧૬, બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર, (ટેલીફોન નં.૦૭૯ ૨૩૨૫૯૧૬૮) ની કચેરીએથી અંદાજીત કિંમત રૂા.૨.૫૩ લાખનાં એમ કુલ ૨ (બે) કામનાં પાણી ગટર વેરાના બીલોની કોમ્પ્યુટરાઈઝ કામગીરી કરતા તથા બીલોનું ઘેરઘેર વિતરણ કરતા અનુભવી ઈજાદારશ્રીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૦૩-૦૧-૨૦૨૨ (૧૬ કલાક સુધી) રહેશે અને ભાવ ભરેલા ટેન્ડર રજી.પો.એડી/સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૧/૦૧/૨૦૨૨ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ ૧૨-૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી ઉપરોક્ત જણાવેલ જે તે કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જરૂર જણાયે ટેન્ડર અંગેની વધુ વિગતો માટે જાહેર રજાઓના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત જે તે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૮૦૭/૨૧-૨૨

નિવિદા નં.૧૦ સને ૨૦૨૧-૨૨
ઓનલાઈન / ફિઝીકલ
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર
(વિજળીકરણના કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૧ થી ૧૪ કામો જેની અંદાજીત કિંમત રૂ. ૨૨,૩૪૧.૪૦ થી રૂ. ૨,૯૯,૫૫૬.૯૧ની વચ્ચે છે. જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવારા ધરાવતા વિદ્યુત ઠેકેદારો તેમજ જે તે કામના અનુભવી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્રમાંક ૧ થી ૭ કામોના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૩/૧/૨૦૨૨ (સમય ૧૬.૦૦) કલાક સુધી છે તથા ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૧૧/૧/૨૦૨૨ કચેરી સમય સુધી છે. તથા ક્રમાંક : ૮ થી ૧૪ ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૧૧/૧/૨૦૨૨ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી/૧૮૧૯/૨૧-૨૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧